વા.લ. રૂ. ૧૦૦/–
વા. સ. રૂ. ૧૦૦/–

# સત્યાન્વેષણ

SATYASHODHAK SABHA, SURAT
૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૪
Vol. 19 No. 9

# 'મહારાજ'



નેટ પર તમને ચોક્કસ વાંચવા મળશે :
www.satyashodhaksabha.com પર જાઓ.

# શોધું સ્વરાજ સપનાનું

(મુંબઈના ભગવાનજી રૈયાણીએ 'શોધું સ્વરાજ સપનાંનું' પુસ્તકનું નિર્માણ કર્યું છે. એ પુસ્તકને આવકારતા રઘુવીર ચૌધરીએ રેશનાલિઝમને પુષ્ટિ આપતા કરેલાં કેટલાંક વિધાનો)

'સૌરાષ્ટ્રમાં અમારા રૈયાણી પરિવારનાં લગભગ બે હજાર ઘરો છે. એમાંથી કોઈનાં લગ્નો કુંડળી મેળવીને થતાં નથી. મારી જાણ મુજબ એમાંથી એક પણ કેસ છૂટાછેડાનો થયો નથી. જ્યારે કુંડળી મેળવીને કરાયેલાં લગ્નોમાંથી હજારો છૂટાછેડાઓમાં પરિણમે છે. એ વિષે આપને શું કહેવું છે ?' (પૃ. ૧૮૪)

પ્રશ્ન પૂછાયો છે, જાણીતા જ્યોતિષી પ્રો. ઘનશ્યામ જોષીને, બીજા પણ કોઈ જ્યોતિષી પાસેથી આવા પ્રશ્નનો સંતોષકારક ઉત્તર ભાગ્યે જ મળી શકે. ફળજ્યોતિષને આજીવિકાનું સાધન બનાવી બેસનાર માણસો સમાજને ભોળવતા હોય તો એમની સામે લાલબત્તી ધરવાની પ્રત્યેક જાગ્રત નાગરિકની ફરજ છે. શ્રી રૈયાણીની ખૂબી એ છે કે એ લાલબત્તી ધરીને અટકી જતા નથી. સામા પક્ષને આંજી દેવા મથે છે. આ લક્ષણ સુધારકનું છે. એક અભ્યાસી તરીકે શ્રી રૈયાણી જ્યોતિષગણિતની સિદ્ધિઓ કદાચ જાણતા હશે, પણ ફળજ્યોતિષ સામેનો એમનો રોષ એ આખા શાસ્ત્ર પર છેકો મારવાનો ઉત્સાહ દાખવે છે. નર્મદના જમાનાથી આમ થતું આવ્યું છે. જે કે શ્રી રૈયાણી નર્મદની જેમ નજીકના સમયમાં પુનઃવિચાર કરે, જૂનવાણી બને એવું લાગતું નથી અને એ સમાજના હિતમાં છે.

પોતે શા માટે ભવિષ્ય જાણી લેવા માગતા નથી. એનો ખુલાસો ગળે ઉતરે એવો છે. : 'હું આવનાર સમયની ઘટનાઓ અગાઉથી જાણી લઈને જીવન જીવવાનો રોમાંચ નષ્ટ કરવા નથી માંગતો. નાટક કે સિનેમા જોતાં પહેલાં એની વાર્તા જાણી લઈએ તો જોવાની મજા શી આવે ?'

સદા સક્રિય માણસોને ભવિષ્યનો ભય હોતો નથી. અંધશ્રદ્ધામાં ન માનવું એટલે નિર્ભય હોવું.

# સત્યાન્વેષણ

મુખ્ય સંપાદક

સૂર્યકાન્ત શાહ

સંપાદક મંડળ

બી. એ. પરીખ
સુગીત પાઠકજી
ડૉ. સુષ્મા અય્યર
મનસુખ નારિયા
જનક બાબરીયા

૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૪ | સળંગ અંક : ૩૯૪ | Vol. 18 No. 9


## 'મહારાજ'

–સૂર્યકાન્ત શાહ

'મહારાજ' ચલચિત્ર જોયા બાદ પહેલો પ્રશ્ન એ થયો કે વૈષ્ણવ સમાજ પર પરંપરાને નામે મહિલાઓનું જાતીય શોષણ કરતો જદુરાય કે મુફલિસ બની ગયા છતાં તેનો તનતોડ વિરોધ કરનાર કરસન. એક મહારાજ. સત્યશોધક સભા તરફથી તા. ૮–૯–૨૪ના રોજ સુરતની રૂખમાબાઈ હોસ્પિટલમાં 'મહારાજ' ચલચિત્ર બતાવવામાં આવ્યું હતું ત્યારે પહેલો પ્રશ્ન આ થયો. કરસન માટે એ ખૂબ સારું રહ્યું કે એને એના જીવનમાં સફળતા મળી. અંગ્રેજોએ સ્થાપેલ કાયદાના રાજ, અને એના પગલે પગલે સ્થપાયેલી નિષ્પક્ષ અદાલતને કારણે કરસનને એના જીવનમાં સફળતા મળી. અંગ્રેજોએ સ્થાપેલ કાયદાના રાજ, અને એના પગલે પગલે જીવનમાં એ સફળ થયા અને એ જોઈ શકયા કે એના સંપ્રદાયની મહિલાઓ સિફિલસ રોગથી પીડાતા જદુરાયથી મુકત થાય. ઘણા સમાજસુધારકો અને વૈજ્ઞાનિકોને જીવતાજીવત આવી સિદ્ધિ મળી નથી.

આ ચલચિત્રે બીજો એક સંદેશો આપ્યો કે ભગવાન ખુદા કે ગોડ નામના અવાસ્તવિક તત્ત્વની માન્યતામાંથી જદુરાય જેવા પાખંડીઓ પેદા થાય છે. આ તત્વનું કોઈ અસ્તિત્વ જ નથી. આથી એ હોવાની માન્યતા અનેક કપોળકલ્પિત કથાઓ અને સ્વરૂપોને પેદા કરે છે. એમાંનું એક સ્વરૂપ એ છે કે જેઓ એક યા બીજા કારણે સમાજમાં

**ભારતીય બંધારણની ૫૧ એ (એચ) કલમ મુજબ વિજ્ઞાન અને વૈજ્ઞાનિક અભિગમનો પ્રસાર કરવા સત્યશોધક સભા 'સત્યાન્વેષણ'નું પ્રકાશન કરે છે. એમાં કોઈ પણ ધર્મ, જ્ઞાતિ કે જાતિની લાગણી દુભાવવાનો ઈરાદો નથી. –સંપાદક મંડળ**

પ્રભાવક બને છે. તેઓ પોતાને ભગવાન–ગોડ–ખુદા માનતા અને મનાવતા થઈ જાય છે ! જદુરાય જ માત્ર નહીં એના જેવા અનેક પાખંડીઓ લગભગ બધા જ ધર્મોમાં પાકયા છે. ભગતોને ભોળા કહેવા કે મૂર્ખ એ સમજાતું નથી. તેઓ ખૂબ પ્રામાણિકપણે માનતા થઈ જાય છે કે જે તે પાખંડી સાચ્ચે જ ભગવાન–ગોડ–ખુદા છે. હદ તો ત્યારે થઈ જાય છે કે આપણે ત્યાં બધા જ રાજાઓ ભગવાનના અંશ ગણાતા હતા. હદ તો ત્યારે થઈ જાય છે કે જાણે એ રાજાઓના વારસાને જીવંત રાખવા માટે કોઈક રાજકારણી આજની તારીખે પોતાને જૈવિક ફરજંદ નહીં, પરંતુ દૈવી અવતાર માને છે ! જદુરાય આ ભ્રમ ફેલાવીને વૈષ્ણવોની દરેક નવોઢાને પહેલી રાતે ‘પ્રસાદ’ આપતા હતા ! આથી જ તો આ ચલચિત્ર સંદેશો આપે છે કે આ ખુદા–ગોડ–ભગવાનના ભ્રમમાંથી મુકત થાઓ.

આ ચલચિત્ર ઘણા સંદેશા આપે છે. બીજો એક સંદેશો એ આપે છે કે સામાન્ય માણસે જુલમો સહન નહીં કરવા જોઈએ. અસલામતીના ભયે એ મૂંગા રહેવાનું પસંદ કરે એ ઠીક છે. પરંતુ એને જો સલામતીની પૂરી ખાતરી મળે તો એણે બોલવું જોઈએ. જુલમની સામે જાગેલી અહાલેકમાં એણે પોતાનું યોગદાન આપવું જોઈએ. અદાલતમાં કરસનના ટેકામાં એક પણ સાક્ષી આવ્યો નહી ત્યારે એક સામાન્ય જન જેવી વિધવા સાક્ષી આપવા આગળ આવી. એના પગલે પગલે બીજા પચ્ચીસ સામાન્ય જનો આગળ આવ્યા. જદુરાયની કામલીલા સંકેલવાના સંકેત એમાંથી પેદા થયા. સત્યશોધક સભા અને રેશનાલિસ્ટો આ જ તો સામાન્ય જનને વિનંતી કરે છે કે જ્યાં તે જુલમનો વિરોધ કરી શકે ત્યાં કરે. જ્યાં જ્યાં રેશનાલિસ્ટો વહેમ–અંધશ્રદ્ધાજનિત કરતૂતોને પડકારે ત્યાં ત્યાં સાથ આપે.

એક વધારાનો સંદેશો પણ મળે છે કે આસ્તિકો આસ્તિક રહીને પોતાના ધર્મ અને / અથવા સંપ્રદાયમાં ચાલતા જુલમોનો વિરોધ કરે. કરસન કંઈ નાસ્તિક નહોતા. પૂરા આસ્તિક હતા. આમ છતાં, એમણે જે કાંઈ કર્યું તે કોઈ નાસ્તિક/રેશનાલિસ્ટ માટે પણ માર્ગદર્શક બને એવું કર્યું. બિનસાંપ્રદાયિકતા કોઈ નાસ્તિકતા નથી. બિનસાંપ્રદાયિકતા સૂચવે છે કે કોઈપણ વ્યક્તિ પોતાનો ધર્મ પાળી શકે છે. પરંતુ એનું જાહેરમાં પ્રદર્શનબંધી, અન્ય વ્યકિતઓ સાથેના વ્યવહારમાં ધર્મ–જાતિના આધારે મૂલ્યાંકનનો ઈન્કાર તેમ જ ધર્મ/સંપ્રદાય પરત્વે રાજયનું તાટસ્થ્ય માંગે છે. કરસનનું કવન આ સંદેશો આપે છે. એ પોતાની આસ્તિકતાને અકબંધ રાખી અન્ય ધર્મીઓનો સાથ મેળવીને પોતાના સંપ્રદાયના જુલમગારોને જેર કરે છે ! આથી આસ્તિકોએ પોતાની બુદ્ધિનો ઉપયોગ કરી પોતાના ધર્મ/સંપ્રદાયના આજે પણ અનેક નુકસાનકારક રિવાજો અને ધતિંગો વિરુદ્ધ અવાજ ઉઠાવે. સત્યશોધક સભાના ચલચિત્ર, પ્રદર્શન અને એના ઉપર ચાલેલી ચર્ચાનાં આ કેટલાંક સંદેશા છે.

# અંધશ્રદ્ધા વિરોધી કાનૂન

—તંત્રીલેખ

ગુજરાત વિધાનસભામાં એક અભૂતપૂર્વ બનાવ બન્યો. અંધશ્રદ્ધા વિરોધી કાનૂનનું મૂળ નામ તો બહુ લાંબુ છે. આપણે એને ટૂંકમાં 'અંધશ્રદ્ધા વિરોધી કાનૂનથી ઓળખીશું. આ કાનૂનનો ખરડો જ્યારે ગૃહમંત્રી હર્ષ સંઘવીએ વિધાન સભાના માત્ર ત્રણ દિવસના ટૂંકા સત્રમાં રજૂ કર્યો ત્યારે તેને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો ! નાની નાની વાતોમાં વિધાનસભામાં રાજકારણ ખેલી રાજકીય પક્ષો કોઈપણ નિર્ણયને સર્વાનુમતે નિર્ણય બનવા દેતા નથી, એ આખા દેશની બધી વિધાનસભાઓ અને સંસદની સામાન્ય ઘટના છે. આ ખરડાની બાબતમાં એ નહીં બન્યું તે સૂચવે છે કે આ રાજ્યનું સમગ્ર રાજકારણ અને તેમાં કાર્યરત રાજકરણીઓ અંધશ્રદ્ધાજનિત પાખંડોની વિરુદ્ધ છે. આપણે રેશનાલિસ્ટો માટે આ ઘટના ખૂબ આનંદદાયી અને ઉત્સાહપ્રેરક છે. આપણે જાણીએ છીએ કે એના મૂળમાં હાઈકોર્ટે ગુજરાત સરકાર પાસે આ બાબતે માંગેલો જવાબ છે. હાઈકોર્ટે એટલા માટે જવાબ માંગ્યો કે આપણા પ્રખર રેશનાલિસ્ટો અશ્વીન કારીઆ અને ગિરીશ સૂંઢીયા તેમ જ અન્ય સંસ્થાએ જાહેર હિતની અરજી કરી. આપણે સૌ એમના વધામણા કરીએ. આ જાહેર હિતની અરજી પરની છેલ્લી સુનાવણી પ્રસંગે જ્યારે સરકારી વકીલે સહર્ષ જણાવ્યું કે એ પસાર થયેલ કાનૂનને રાજ્યપાલની મંજૂરી અને તા. ૨–૦૯–૨૪ના રોજ ગેઝેટમાંની પસિદ્ધિને પરિણામે એ ગુજરાતનો એક કાયદો બની ગયો છે ! સરકારના આ બધાં લેવાયેલાં ત્વરિત પગલાંને હાઈકોર્ટે બિરદાવ્યા. આગળ વધીને એણે જાહેર હિતની અરજી કરનારાઓને ગુજરાતની પ્રજા પર ઘણો મોટો લાભદાયી કાયદો ઘડવાની આગેવાની લેવા બદલ શાબાશી આપી હતી. આ બધું જે બન્યું તે ગુજરાતના રેશનાલિઝમના ઈતિહાસમાં સુવર્ણપૃષ્ઠ છે. આ ઘટનાઓને સુવર્ણપૃષ્ઠ તરીકે બિરદાવવાનાં ચોકકસ કારણો છે.

પાખંડીઓના પર્દાફાશ કરનારા જયંત પંડયા, મધુભાઈ કાકડીઆ, સિદ્ધાર્થ દેગામી જેવા અનેક જાણીતા–અણજાણીતા જવાંમર્દોએ સ્થળ પર જઈને જે પર્દાફાશ કર્યા તેણે અનેક વિશ્વસનીય પુરાવા પેદા કર્યા. એમનાં એ ખૂબ જોખમી કાર્યોને પરિણામે સામાન્ય જનમાં એવી સમજ ફેલાઈ કે આ ફરેબીઓ સમાજ માટે કલંક છે. આ બધા જવાંમર્દો વર્ષોથી જે આ કાર્ય કરતા આવ્યા છે તેને કારણે હાઈકોર્ટે જાહેર હિતની અરજીને ગંભીરતાથી લીધી.

વાસ્તવમાં જાહેર હિતની અરજી કરનારાઓએ છેલ્લું તરણું મૂકયું અને અંધશ્રદ્ધાજનિત જુલમોવાળુ ઊંટ બેસી ગયું ! જાહેર હિતની અરજી આમ વાસ્તવમાં રાજ્યભરના રેશનાલિસ્ટોની પ્રતિનિધિસ્વરૂપ અરજી હતી.

આ કાયદો ઘણાં સુધારાવધારા માંગે છે. પ્રત્યેક સુધારા અને વધારાને આમેજ કરવા માટે હજી આપણે રેશનાલિસ્ટોએ અનેક વિશ્વસનીય પુરાવા ઉભા કરવા પડશે, અને સામાન્ય જનની સેવા દૂષણ પરત્વે ધૃણા પેદા કરવી પડશે. આમ આ કાનૂનની રચના આપણને પલાઠી વાળીને બેસવા દે એમ નથી. હાઈકોર્ટે તો આગળ વધીને બીજું સૂચન કર્યું કે આ કાયદાનો શકય એટલો પ્રચાર કરો. સામાન્ય જનને સમજાવો કે આ કાયદા હેઠળના પ્રતિબંધિત કાનૂનોને અટકાવવા એ પોલિસની મદદ લઈ શકે છે. આ જ સંદર્ભે આથી સુરતની સર કે. પી. કૉલેજ ઓફ કૉમર્સ તરફથી આ આ કાનૂનની સમજ આપતું જાણીતા પત્રકાર નીલમ કંથારિયાનું 'સૂર્યકાન્ત શાહ નિવૃત્તિ પ્રવૃત્તિ ભંડોળ'ના ઉપક્રમે વ્યાખ્યાન અને ચર્ચા ગોઠવ્યાં તેવું સર્વત્ર થવું જોઈએ. આ જ સંદર્ભે તા. ૧૯–૯–૨૪ના રોજ ગુજરાત–મુંબઈ રેશનાલિસ્ટ એસોસીએશન તરફથી બોલાવાયેલા અધિવેશનમાં આ કાયદા વિશે વ્યાપક ચર્ચા થવાની છે તે રેશનાલિસ્ટો માટે માર્ગદર્શક બનશે એ નિર્વિવાદ છે.

---

## અપીલ

ગુજરાતી–ભાષીઓ માટે રેશનાલિઝમ પર ચિંતન કરતું એક માત્ર 'સત્યાન્વેષણ' માસિક છે. માત્ર ગુજરાત–મુંબઈમાં જ નહીં, પરંતુ અન્યત્ર પણ ગુજરાતીભાષીઓ વસે છે. એ સૌને અપીલ કરવાની કે આપ સૌ 'સત્યાન્વેષણ'ના વાચક બનો. પ્રવર્તમાન વાચકોને પણ વિનંતી કે તેઓ દરેક બીજા પાંચ વાચકો બનાવી આપે. આપણું 'સત્યાન્વેષણ' દરેક મહિનાની પંદરમીએ નિયમિતપણે બહાર પડે છે. એનું વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦/– અને આજીવન રૂા. ૨૦૦૦/– છે. તે મ.ઓ. થી કે સત્યશોધક સભાના બૅન્ક ઑફ બરોડાના ખાતામાં સીધા જમા કરાવી શકાય છે. સત્યશોધક સભાને આપવામાં આવતું દાન આવકવેરામાં રાહતને પાત્ર છે.

* દરેક 'સત્યાન્વેષણ'ના પહેલા ટાઈટલ પર વાચકોને જણાવવામાં આવે છે કે 'સત્યાન્વેષણ' www.satyashodhak sabha.com પર વાંચવા મળશે. ઉપરાંત જો વાચક એનો મોબાઈલ નંબર અને ઈ–મેઈલ એડ્રેસ આપશે તો એને આ જ લવાજમ હેઠળ PDF મોકલવામાં આવશે.

# છાંદોગ્યોપનિષદચિંતન

–પ્રવિણ ગઢવી

છાંદોગ્ય ઉપનિષદના છઠ્ઠા પ્રકરણની ચર્ચા કરતાં રાજાજી (સી. રાજગોપાલાચારી) લખે છે કે છઠ્ઠા પ્રકરણની શરૂઆત પુરાણા કોયડાથી થાય છે. શું આ વિશ્વના જન્મ માટે કોઈ કારણ હતું કે નહિ ? કારણની શોધે આપણને અનંત ઘટમાળ પ્રતિ દોરી જાય છે. કાર્યકારણનો સિદ્ધાંત મળે છે. કોઈપણ કાર્ય પાછળ કોઈ કારણ હોવું જ જોઈએ. વિજ્ઞાન પણ આ માને છે. તો વિશ્વસર્જનનું કારણ શું ? શું વિશ્વનું સર્જન શૂન્ય (નથિંગ)માંથી થઈ શકે ? તેથી છાંદોગ્યના ઋષિ કહે છે કે શૂન્યમાંથી શૂન્ય જ જન્મે. અ–જીવ (નોન–બીઈંગ) જીવની ઉત્પત્તિ ન કરી શકે. તેથી પહેલા કારણ હતું. બીઈંગ–ચેતનતત્વ હતું. તેણે વિશ્વસર્જન કર્યું. સત્ પરમ તત્વે ઈચ્છયું કે પોતે વિસ્તરે, એકમાંથી અનેક થાય તેથી તેણે તેજ ઉત્પન્ન કર્યું. તેજમાંથી જળ ઉપજ્યું. જળ તત્વને વૈવિધ્યને રૂપ ધારણ કરવાની ઈચ્છા થઈ. તેથી પૃથ્વી પર અનેક જીવ ઉત્પન્ન થયા.

રાજાજી કહે છે, કદાચ વાચક વિચારશે કે આધુનિક વિજ્ઞાને ઋષિની ધારણાને ખોટી પાડી છે, પરંતુ ન તો રસાયણવિજ્ઞાન, જીવવિજ્ઞાન કે ભૌતિકવિજ્ઞાન પણ કશું સમજાવી શકતાં નથી. રાજાજીનું મંતવ્ય છે, જે ખોટું છે. જીવવિજ્ઞાને જીવ ઉત્પત્તિની સમગ્ર સંકુલ પ્રક્રિયા પ્રગટ કરી જ દીધી છે. એક કોષી જીવમાંથી અનેક કોષી જીવ ઉત્પન્ન થયા. કોષ જીન (Gene) નો બનેલો  છે, જીન ડી.એન.એ.નો બનેલો છે.

પ્લેટોએ માણસજાતને કોઈ અંધારી ગુફામાં ગુફાની પાછળની દીવાલ તરફ મોં રાખી સાંકળથી બાંધેલી બેઠેલી કલ્પી છે. તેને ગુફાના દ્વાર પાસેથી પસાર થતી વ્યકિતની હલનચલનના છાયા કે ઓળા જ દેખાય છે, માણસ એ પડછાયાને જ જગત માને છે, જે વાસ્તવિક જગત નથી. પ્લેટોની કલ્પના શંકરાચાર્યની 'બ્રહ્મ  સત્ય, જગત મિથ્યા' જેવી વાહિયાત છે. પ્લેટો માનવજાતના પ્રારંભકાળે થયેલો વૈજ્ઞાનિક હતો. તેની વાત આજે સાચી ન મનાય. એરિસ્ટોટલે સ્ત્રીઓને બત્રીસી નથી હોતી તેવું કહેલું, તે પચીસ વર્ષ સુધી સૌએ માન્યું. સ્ત્રીના દાંત ગણ્યા જ નહિ !

રાજાજી કોઈક ભૌતિકવિજ્ઞાની સર જેમ્સ જિન્સને ટાંકતા કહે છે કે, 'આધુનિક વિજ્ઞાન ઋષિ સાથે સંમત થયું છે કે નિર્જીવ જીવની ઉત્પત્તિ ન કરી શકે.' આ અર્ધસત્ય છે. હાલ જીવોની ઉત્પત્તિ જીવ થકી જ થાય છે, પરંતુ મૂળ જીવ, પ્રથમ જીવ, આદિ જીવ

તો રાસાયણિક પ્રક્રિયાથી જ જન્મ્યો હતો. તે જીવવિજ્ઞાને પુરવાર કર્યું છે. રાજાજીના મતે આ અદ્‌ભૂત જગત પાછળના સત્ય વાસ્તવ સુધી પહોંચવું અઘરું છે. આ અંશતઃ સાચું, પણ વિજ્ઞાન આજે વિશ્વ ઉત્પત્તિના સત્યની ઘણી નજીક પહોંચી ગયું છે. ભૌતિક કે રાસાયણિકવિજ્ઞાનના નિયમોને રાજાજી માત્ર નિરીક્ષણથી થયેલું વર્ગીકરણ માને છે, પરંતુ તે સાચું નથી. રાજાજી પ્લેટોના ઉદાહરણના આધારે કહે છે કે ગુફાની બહારનું જે વાસ્તવિક જગત છે તે જ છાંદોગ્ય 'સત' છે. ઈતિ સિધ્ધમ્ ! એટલે કે બ્રહ્મ સત્ય છે, જગત મિથ્યા છે. જે બ્રહ્મ સત્ય છે. જગત મિથ્યા છે. જે બ્રહ્મ–ઈશ દેખાતો નથી તે સત્ય અને દેખાતું વિશ્વ તે અસત્ય ! આ કયાંનો ન્યાય ?

હવે છાંદોગ્યનો પ્રારંભ થાય છે. ઉદ્દાલક ઋષિનો પુત્ર શ્વેતકેતુ પિતાને પૂછે છે કે 'આ વિશાળ અને વૈવિધ્યપૂર્ણ જગત આમ સહજ સરળ રીતે કેવી રીતે જન્મ્યું હશે ?'

સતમાંથી અર્થાત્ ઈશ્વરમાંથી કેવી રીતે જગત જન્મ્યું તે સમજાવવા ઋષિ શ્વેતકેતુને ન્યગ્રોધ(વડ)નો ટેટો લઈ આવવા કહે છે. પછી ટેટો તોડવા કહે છે, અને પૂછે છે, 'શું દેખાય છે ?'

'ઝીણાં ઝીણાં બીજ.' શ્વેતકેતુએ કહ્યું.

'એક બીજને તું પીસી નાખ. હવે શું દેખાય છે ?'

'કશું જ નહિ.'

'તને નથી દેખાતું એવું બીજનું સૂક્ષ્મ સારત્વ એમાં રહેલું છે. તેમાંથી જ આવડો મોટો વડ પેદા થાય છે, તો એવી રીતે 'ઈશ' નરી આંખે દેખાતો નથી. તોય અસ્તિત્વ ધરાવે છે. તે જ વડને જન્મ આપે છે, તને જન્મ આપે છે. તું જ 'તત્વમસિ' શ્વેતકેતુ છે, તું જ સત્ય છે.' (શ્લોક 6 (14) - 1, 2, 3)

ઋષિ એમના જમાના પ્રમાણે વિચારે છે તે ઠીક છે, પરંતુ રાજાજીથી એમાં સંમત ન થવાય. વડના બીજના કોષ કેન્દ્રમાં ક્રોમોઝોમ, ડીએનએ અને જીન્સ રહેલા છે. તે વડ પેદા કરે છે. કવિઓ કહે છે, 'વૃક્ષ ચલે નીજ લીલા.' પણ વિજ્ઞાન મુજબ એમ નથી. જીન્સ વૃક્ષનો નકશો આપે છે. આપણા વાળ, ચામડી, આંખોનો રંગ, સ્વભાવ ઈત્યાદિ સર્વ બાબતો આપણામાં રહેલ જીન્સ નક્કી કરે છે. એટલે બીજમાં પ્રભુ નહિ પરંતુ જીન રહે છે !

'જો 'સત' સર્વ વ્યાપ્ત અને સર્વ કારણ રૂપ હોય તો તે કેમ સ્પષ્ટ દેખાતું નથી ? શ્વેતકેતુનો પ્રશ્ન તાર્કિક, વિવેકબુદ્ધિયુકત છે. તો ઋષિ બીજું ઉદાહરણ આપે છે. ''પાણીમાં

જેમ ચપટી મીઠું નાખીએ અને તે ભળી જાય એમ 'સત' દેખાતું નથી. તે મીઠાની જેમ વિશ્વના કણેકણમાં વ્યાપ્ત છે. પરંતુ અદ્રશ્ય છે.'

શ્લોક 6 (14) 1, 2, 3)

રાજાજી આને રાસાયણિક પ્રયોગશાળાનું ઉદાહરણ માને છે, પરંતુ આ તો સામાન્ય પ્રયોગ છે. પાણી અને મીઠાનું કેવળ મિશ્રણ થાય છે, સંયોજન થતું નથી. તેથી પાણી જે ઉકાળીએ તો મીઠું પાછું મળે. વિશ્વનું કશું બાળીએ, ઉકાળીએ તો ધૂળ, રાખને ઢેફાં મળે, પણ 'સત્–ઈશ્વર' ન મળે !

'તો પછી આ અગોચર, અદ્રશ્ય તત્વ–સત્નું જ્ઞાન કેવી રીતે મેળવવાનું ?' શ્વેતકેતુ બીજો પ્રશ્ન પૂછે છે.

ઋષિ ઉદ્દાલક : કોઈ માણસને ડાકુઓ આંખે પાટા બાંધી કયાંક લઈ જાય તે માણસની પરિસ્થિતિ છે. કોઈ મિત્ર આવીને પાટા ખોલે ત્યારે માણસ ફરી આંખોનો ઉપયોગ કરે છે, અને ધીરેધીરે પછતો પૂછતો પોતાના ઘર તરફ જતો રસ્તો મેળવી લે છે, એ રીતે ગુરુ સત્યશોધક (ઈશ્વરશોધક)ને તેની આંખો પરના મોહમાયાના પાટા છોડાવી શિષ્યને લુંટારાઓથી બચાવે છે. ભૂતકાળનાં કર્મો એ લુંટારા છે. જેવો શિષ્ય મોહમાયા મુકત થાય, નિષ્કર્મ થાય કે તરત તેને 'સત' પ્રતિ જતો રસ્તો નજરે પડે છે, પછી તો મૃત્યુની રાહ જ જોવાની રહે.' (શ્લોક 6 (14) 1, 2, 3)

આ શ્લોક પર રાજાજીએ ટીકા લખી નથી, પરંતુ આ શ્લોકમાં વેદાંતનો સાર છે. મોહમાયા અને કર્મબંધનથી મુકત થાઓ, સ્થિતપ્રજ્ઞ થાઓ તો 'ઈશ'ના ઘર પ્રતિ જતો માર્ગ દેખાઈ જશે. પછી ચાલવા માંડવાનું નથી, પરંતુ મૃત્યુની રાહ જોવાની છે ! મૃત્યુ પછી 'ઈશ્વર' દેખાય, કદાચ તેમ હોય તોય ક્યાં કોઈ કહેવા પાછું આવ્યું છે ? જીવતા તો ભૌતિક વિશ્વ જ દેખાય. મૃત્યુ પછી શું દેખાતું હશે ? કોણ જાણે ! 'મૂંગે કો સપનો ભલો, સમજ સમજ પસ્તાય' એ છે વેદાંતની વાતો. જે મૂંગાના સ્વપ્ન જેવી છે. કાલ્પનિક અને અવ્યકત છે.

રાજાજી જેવા અંગ્રેજી ભણેલા, સુપ્રિમ કોર્ટના વકીલ, બુદ્ધિશાળી, ચતુર રાજનીતિજ્ઞ આવા બધા કાલ્પનિક સિદ્ધાંતોમાં કેવી રીતે માનતા હશે ?

જન્મથી પડેલા સંસ્કાર ભૂંસીને નિરીશ્વરવાદી, તાર્કિક, વિવેકબુદ્ધિનિષ્ઠ થવું અશકય તો નહિ, પણ મુશ્કેલ જરૂર છે.

સંદર્ભ :

1) ઉપનિષદ સી. રાજગોપાલાચારી

## સત્યશોધક સભા
**(રજી. નં. – ઈ/૨૨૪૦)**

**૪૧૦, આગમ ઓર્ચીડ, નંદિની–૨ ની પાસે, વી.આઈ.પી.રોડ, વેસુ, સુરત–૩૯૫ ૦૦૭.**

### ચાલીસમી વાર્ષિક સાધારણ સભા

સત્યશોધક સભાની ચાલીસમી વાર્ષિક સાધારણ સભા તા. ૨૨–૦૯–૨૪ ને રવિવારે સભાના કાર્યાલય ૪૧૦, આગમ ઓર્ચીડ, નંદિની–૨ ની પાસે, વી.આઈ.પી. રોડ મુકામે સવારે ૧૦.૦૦ કલાકે મળશે. જેમાં નીચેની કાર્યસૂચિ પર નિર્ણયો લેવાના રહેશે. સામાન્ય સભ્યોને હાજર રહેવા વિનંતી. કોરમના અભાવે સભા ત્રીસ મિનિટ મુલતવી રાખીને નવેસરથી મળશે. આ સભાના નિર્ણયો નિયમાનુસારના રહેશે.

**: કાર્યસૂચિ :**

૧. ગત સામાન્ય સભાની કાર્યવાહીની મંજુરી અર્થે રજૂઆત.
૨. મંત્રીઓનો વાર્ષિક અહેવાલ મંજૂરી અર્થે રજૂ. (આ અહેવાલ અલગથી સત્યશોધક સભાના ગ્રુપમાં મૂકયો છે. સભ્યોને તે વાંચીને આવવા વિનંતી.)
૩. કોષાધ્યક્ષ તરફથી ઓડિટેડ વાર્ષિક હિસાબો રજૂ .
૪. આગામી બે વર્ષ માટે સભાની નવી કારોબારીની રચના કે જેમાં ફારેગ થતા ત્રણ સભ્યોને સ્થાને નવા ત્રણની વરણી કરવા. ફારેગ થતા સભ્યો પુનઃ વરણીને પાત્ર છે.
૫. આગામી બે વર્ષ માટે હોદ્દેદારોની વરણી.
૬. પ્રમુખશ્રીની મંજૂરીથી અન્ય.

૫–૦૯–૨૪

સુષ્મા અય્યર
જાદવ વેકરીયા
મંત્રીઓ

---

**'સત્યાન્વેષણ'નું વાર્ષિક લવાજમ (સત્યશોધક સભાના સભ્યપદ સાથે) રૂા. ૨૦૦ અને આજીવન રૂા. ૨,૦૦૦/– છે. મ. ઓ. કરો. જેઓ બેન્કમાં સીધા જમા કરાવવા માંગતા હોય તેઓ બેન્ક ઓફ બરોડા, પાર્લે પોઈન્ટ, સુરતના બચત ખાતા નં. 02580100015605, IFSC = BARB0PARLEP માં જમા કરાવી શકે છે. તેઓ જમા કર્યાનું કાઉન્ટર અત્રે મોકલાવે, અથવા મો. નં.–૯૯૭૮૮ ૯૬૩૬૪ પર ફોટો મોકલે.**

## ગણિતની પરલક્ષતા

ગણિતશાસ્ત્ર જે  એવું વિજ્ઞાન છે કે જે ગણિતશાસ્ત્રીની પણ સાડાબારી રાખતું નથી. ગણિતશાસ્ત્રીના પોતીકા વિચારોથી ગણિત સ્વતંત્ર છે. બે વત્તા બે એટલે ચાર. ગમે તેટલો ચમરબંધી ગણિતશાસ્ત્રી કેમ નહીં હોય, એ એમાં નથી કરી શકતો ત્રણ કે નથી કરી શકતો પાંચ ! પરિણામે કોઈપણ વિજ્ઞાન અને કુદરતને સમજવા માટે ગણિતશાસ્ત્રના ઉપયોગથી વિશ્વસનીય તારણ મેળવી શકાય છે.

### સત્યાંશ

આપણે સંપૂર્ણ સત્યને પામી શકતા જ નથી. આપણું મગજ શરીરનો એક ભાગ જ છે. આખી દુનિયા અને સચરાચરમાં તો અસંખ્ય ઘટનાઓ બને છે, અસંખ્ય પદાર્થો છે, અને અસંખ્ય પરિબળો સતત કયાં તો સીધી રેખામાં અથવા પરસ્પરનું છેદન–વિચ્છેદનમાં પ્રવૃત્ત હોય છે. આ બધું આપણી પાંચ ઈન્દ્રિયો સુધી પહોંચતું જ નથી. ઈન્દ્રિયોને  તે આદાન નહીં મળે એટલે મગજને તે જાણવા–સમજવા મળતું જ નથી. આપણે હંમેહા કૂવાના દેડકા જેવા જ હોઈએ છીએ. જે જાણવા મળતું નથી તે વાંચીને–સાંભળીને જાણી શકાય, છતાં તેનાથી પણ બધું જ જાણવા મળતું નથી. આપણને જે સમજાય છે તે હંમેશા સત્યાંશ જ હોય છે. આપણી પાસે સત્યાંશનું હોવું સૂચવે છે કે આપણે સતત નવી માહિતીને મેળવવા પ્રયત્નશીલ રહેવું જોઈએ. નવી માહિતી આપણા પ્રવર્તમાન સત્યાંશની અધુરપ દુર કરવામાં સહાયક નીવડે છે. આથી જ તો આપણે કહીએ છીએ કે ‘જ્ઞાનની યાત્રા અનંત’ છે.

મગજને ચકરાવે ચઢાવી દે એવી ઘણી હકીકતો જાણવા–સમજવા–અનુભવવાની અપણને મળે છે. એને જાણવા–સમજવા માટે સમાજ અને ખાસ કરીને વૈજ્ઞાનિકો અથાક પ્રયત્નો કરે છે. એ પ્રયત્નો થકી આપણે નવો વિચાર મેળવી શકીએ છીએ. આ નવો વિચાર હકીકતના ગૂંચવાડા નાબુદ અથવા ઓછા કરે છે. ગૂંચવાડાવાળી હકીકતથી ટેવાયેલા લાકો શરૂઆતમાં નવા વિચારનો વિરોધ કરે છે. એમને અજ્ઞાનતા અને મુશ્કેલીઓ ગમતા થઈ ગયા હોય છે ! નવો વિચાર તો એનો માર્ગ કરી જ લે છે. સમાજમાં એ પોતાનું સ્થાન લઈ જ લે છે. આથી જ તો ખાસ રેશનાલીસ્ટના નવા વિચારને ઓછામાં ઓછું સમજવાનું તો રાખવું જ જોઈએ.

## બિનસાંપ્રદાયિકતાની અનિવાર્યતા

ઉદ્યોગોને વિકસાવવા હોય તો બિનસાંપ્રદાયિકતાનો જ આશરો લેવો પડે. જ્ઞાનના ઉપાર્જન માટે જો યુનિવર્સિટી સ્થાપવામાં અને નિભાવવામાં આવે તો બિનસાંપ્રદાયિકતાનો આશરો લેવો જ પડે. સંસ્થાઓ અને વિવેક (Reason) ત્યારે જ વિકસે કે જ્યારે તે સ્વાયત્ત હોય. આ સ્વાયત્તતા જ બિનસાંપ્રદાયિકતાને પોષી શકે. શ્રદ્ધા એટલે જ ગુલામી માનસનું પ્રતીક ! વિવેક એટલે જ સ્વાતંત્ર્ય અને તેની ખુમારી. કુદરતને સમજવા અને એ સમજણ બાદ કુદરતને હાનિ પહોંચાડયા વિના માનવજાતના કુલ આનંદમાં જો વધારો કરવો હોય તો બિનસાંપ્રદાયિકતાયુકત વિવેકને જ અંગીકાર કરવો પડે. બિનસાંપ્રદાયિકતા જ આનંદની શોધમાં નીકળેલા માણસને તે માટે સખત પરિશ્રમ કરવા, સંપત્તિસર્જન કરવા અને શ્રમને વધારે ઉત્પાદક બનાવવા માટે જરૂરી શ્રમ–બચાવનારા સાધનો–યંત્રો શોધવાનું ઉત્તેજન પૂરું પાડશે.

## ચિંતનકણિકા

**–મોહન પટેલ**

* માનવી માટે જીવવું કઠિન છે – મરવું આસાન છે. કાયરતા છોડીને હકારાત્મક રીતે બહાદુર બનો તે જ શ્રેષ્ઠ છે. –મોહન પટેલ
* પુસ્તકોએ દુનિયાને અસર કરી છે. દુનિયાને પલટી નાંખી છે, અને દુનિયા પર શાસન કર્યું છે. **–મહેન્દ્ર મેઘાણી**
* Our True Nationality is Mankind. **-H. G. Wells**

## સત્યશોધક સભાને દાન

આપણા પીઢ અને જંવામર્દ કાર્યકર અને આપણી કારોબારીના સહયોગી મધુભાઈ કાકડિયાના માતુશ્રી મણિબેન રામભાઈ કાકડિયાનું ૯૫ વર્ષની ઉંમરે દુઃખદ નિધન થયું. એમના સ્મરણાર્થે મધુભાઈ તરફથી સત્યશોધક સભાને રૂા. ૫,૦૦૦/–નું દાન મળ્યું છે, જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

૨૪–૦૮–૨૪ સૂર્યકાન્ત શાહ
પ્રમુખ

**સત્યશોધક સભા**
**(રજી. નં. – ઈ/૨૨૪૦)**
SATYASHODHAK SABHA, SURAT
**૪૧૦, આગમ ઓર્ચીડ, નંદિની–૨ ની પાસે, વી.આઈ.પી.રોડ, વેસુ, સુરત–૩૯૫ ૦૦૭.**

## મંત્રીઓનો ઓગણચાલીસમો વાર્ષિક અહેવાલ ૨૦૨૩–૨૪

મદદનીશ ચેરિટી કમિશ્નર, સુરતની ઓફિસમાં આપણી સત્યશોધક સભાની નોંધણી તા. ૧૮–૦૬–૧૯૮૪ના રોજ થઈ હતી. જાણવા જેવું છે કે આપણા પ્રવર્તમાન ઉપપ્રમુખ **અતુલભાઈ પાઠકજી**એ કમિશ્નરને નોંધણી કરવા માટેની અરજી કરી હતી. આપણા પુરોગામી પદાધિકારીઓ અને કારોબારીએ ત્યારબાદ વર્ષોવર્ષ સત્યશોધક સભાની કામગીરીનો અહેવાલ બહાર પાડયો હતો. તે જોતાં અમારો આ ૨૦૨૩–૨૪નો અહેવાલ ઓગણચાલીસમો અહેવાલ થાય છે. આ પુરોગામીઓએ નિયમિત હિસાબો અને અહેવાલ બહાર પાડી સંસ્થાની આંતરિક લોકશાહીને જીવંત રાખી તેની અમે સાદર નોંધ લઈએ છીએ. એમના પગલે પગલે અમે અમારો આ બીજો અહેવાલ પ્રસિદ્ધ કરીએ છીએ તેનો આનંદ છે.

બાગેશ્વર બાબાથી ઓળખાતા **ધીરેન્દ્ર શાસ્ત્રી** સુરતમાં આવ્યા હતા. એમના આગમન પૂર્વે સત્યશોધક સભાએ એમના 'ચમત્કાર' અને અવૈજ્ઞાનિક વલણનો જાહેરમાં વિરોધ કર્યો હતો. વૈજ્ઞાનિક પદ્ધતિએ તપાસતા 'ચમત્કાર' ચમત્કાર પુરવાર થાય તો સત્યશોધક સભાની રૂા. ૧,૦૦,૦૦૦/– આપવાની જે યોજના છે તેનો 'લાભ' લેવાનો પણ ધીરેન્દ્ર શાસ્ત્રીને પડકાર ફેંકયો હતો. પોતાની વિરુદ્ધની રજેરજ રજૂઆતોનો તરત રદિયો આપનાર અને પોતાના 'ચમત્કાર'ની સતત દુહાઈ લેતા **ધીરેન્દ્ર શાસ્ત્રી**એ સત્યશોધક સભાના પડકાર સબબે મૌન ધારણ કર્યું હતું તે ઘણું સૂચક છે.

તા. ૯–૪–૨૩ ના રોજ કીમ (સુરત જિલ્લા)માં સત્યશોધક સભા અને કીમ એજ્યુકેશન સોસાયટીના ઉપક્રમે **'સાહિત્ય અને વૈજ્ઞાનિક અભિગમના આંતરસંબંધો'** વિશે એક નવી જ ભાત પાડતો શિબિર યોજાયો. આ શિબિરમાં 'રમણભ્રમણ સુવર્ણચંદ્રક'થી આભૂષિત અને કીમ એજ્યુકેશન સોસાયટીના મંત્રી **ઉત્તમ પરમારે** કરોડરજ્જુ સમાન

સેવા આપી હતી. સમગ્ર શિબિરની સુપેરે ગોઠવણ એમ. એસ. યુનિવર્સિટી, વડોદરાના **ડૉ. ભરત મહેતા**એ કરી. આ શિબિરમાં ગુજરાતભરના નામાંકિત સાહિત્યકારોએ પોતાના વિચારો દર્શાવ્યા હતા.

પહેલી ઉદ્‌ઘાટન બેઠકમાં મંત્રી **જાદવ વેકરિયા**એ અગ્નિ પ્રગટાવી 'ચમત્કારો'ની પાછળના ભેદભરમને ખુલ્લો કર્યો હતો. **ઉત્તમ પરમારે** સૌને આવકારતા જણાવ્યું હતું કે સાહિત્યકારો અને ચિંતકો પોતે જ સાહિત્ય અને વૈજ્ઞાનિક અભિગમના આંતરસંબંધોને સમજાવે તો સમાજ વધારે પ્રબુદ્ધ બને. ઉપપ્રમુખ **મનસુખ નારીઆ**એ સત્યશોધક સભાનો સૌને પરિચય આપ્યો હતો. પ્રમુખ સ્થાનેથી બોલતા **સૂર્યકાન્ત શાહે** જણાવ્યું કે વિજ્ઞાનપ્રચુર પરીકથાઓ અને તેમાંથી વાસ્તવિકતા, ચૌદમી સદી સુધીનો વૈજ્ઞાનિક અભિગમ વિનાનો સમય, અને ત્યારબાદ સાહિત્ય સાથે વૈજ્ઞાનિક અભિગમના બંધાયેલા અનુબંધના સમયશ્રેણીના તફાવત, સાહિત્યમાં ભ્રામક અવૈજ્ઞાનિકતાના થતા દુરુપયોગ વગેરે પર પોતાના વિચારો દર્શાવ્યા હતા. બીજી બેઠકમાં ભાવનગર યુનિવર્સિટીના **ડૉ. દિલીપ બારડે** યુરોપમાં નવજાગૃતિકાળ (રેનેસા)ના ઉદય પછી જ સાહિત્યમાં વૈજ્ઞાનિક અભિગમના તત્ત્વનો પ્રવેશ થયો. તે પહેલાનો સમય 'અંધકાર યુગ' હતો. આ યુગમાં ભૂખને પણ 'પાપ' ગણવામાં આવતું હતું. હાર્ડીની નવલકથાથી પરીકથાઓમાં વૈજ્ઞાનિક અભિગમને સ્થાન મળ્યું. એવી પરીકથાઓ લખાઈ કે જેમાં ભગવાનથી દોરવાઈ જવાથી ઉન્માદ વધારે પ્રગટે છે, જે અંતે નુકસાનકારક છે એવું જણાવાયું. બીજી બાજુ, વિવેકબુદ્ધિથી દોરાતા પાત્રો આનંદ વધારે છે એવું પણ પરીકથાઓમાં દર્શાવાયુ. અંતે એમણે દુઃખ વ્યક્ત કર્યું કે પ્રવર્તમાન મોટા ભાગની સાહિત્યિક રચનાઓ અંધશ્રદ્ધાને વધારતી દેખાઈ છે. બીજી બેઠકમાં **સ્વરૂપબેને** જણાવ્યું કે સાહિત્યમાં વૈજ્ઞાનિક અભિગમને વધારવા આપણે સંશય કરવાનો સંસ્કાર ઉદ્દીપ્તી કરવો પડે. આપણે બિનસાંપ્રદાયિકતાને દિલથી અપનાવવાની થાય. સાહિત્યકારો પૌરાણિકતામાં સબડતા રહેવાનું બંધ કરે તો સાહિત્યમાં વૈજ્ઞાનિક અભિગમ વધતો જાય. ચર્ચામાં ભાગ લેતા **ડૉ. ભરત મહેતા**એ જણાવેલું કે, પ્રકૃતિના વર્ણનમાં પ્રકૃતિના સૌંદર્યને એના મૂળ સ્વરૂપમાં વર્ણવવાનું સાહિત્યકારોએ રાખવું જોઈએ. એમાં અપાર્થિવ તત્ત્વને કૃત્રિમ રીતે દાખલ કરવુ જોઈએ

નહીં. આ પ્રમાણે અન્ય બાબતોમાં કરવામાં આવે તો સાહિત્યમાં વૈજ્ઞાનિક અભિગમને વધુ ને વધુ સ્થાન મળે. પ્રમુખસ્થાનેથી **હીરેન ગાંધી**એ જણાવ્યું નાટકોમાં પણ શકય એટલો વધારે વૈજ્ઞાનિક અભિગમ દાખલ કરી નાટકોને જ વૈજ્ઞાનિક અભિગમના ફેલાવા માટેનું સાધન બનાવવું જોઈએ.

ત્રીજી બેઠકમાં **પ્રવિણ ગઢવી**એ 'પૌરાણિક સાહિત્યમાં ભ્રામક વૈજ્ઞાનિકતા' વિષયને છેડતા જણાવ્યું કે આજે જે જોરશોરથી કહેવામાં આવે છે કે આજના પશ્ચિમી વિજ્ઞાનની બધી શોધો પૌરાણિક સાહિત્યમાં હતી તે આપણા મિથ્યાભિમાનને પોષે છે. ન્યૂટનથી વૈજ્ઞાનિક પદ્ધતિથી હકીકતદર્શી સંશોધનો શરૂ થયા. પરંતુ તે પહેલા આર્યભટ્ટે, બ્રહ્મગુપ્તે અને ભાસ્કરાચાર્યે કેટલીક એવી શોધો કરી હતી જે પ્રવર્તમાન વિજ્ઞાનની નજીક હતી. એમની શોધો વૈજ્ઞાનિક પદ્ધતિ થકી થઈ નહોતી એ સ્વીકારવું રહ્યું. પૌરાણિક સાહિત્યમાં કલ્પનાનાં ઉડ્ડયનો ઘણાં છે. એને અને વૈજ્ઞાનિક અભિગમને સ્નાન સૂતકનો સંબંધ નથી એવું એમણે જણાવ્યું. **રાજુ સોલંકી**એ સાહિત્યમાં ભ્રામક અવૈજ્ઞાનિક અભિગમને કારણે સામાજિક અન્યાયને  વાજબી ઠેરવવાનું અને તે વધારવાનું સરળ બને છે. આથી આ ભ્રામકતા સમાજમાં ભાઈચારો ફેલાવવામાં અવરોધરૂપ બને છે. ઓછા ભાઈચારાને કારણે દલિતોએ ખૂબ સહન કરવું પડે છે તેવું જણાવીને ભ્રામકતાની ભયાનકતા તરફ સૌનું ધ્યાન દોર્યું હતું. પ્રમુખસ્થાનેથી **ડો. બી. એ. પરીખે** જણાવ્યું કે વિજ્ઞાન અને વૈજ્ઞાનિક અભિગમના મર્મને જો સાહિત્યકારો સમજવાની તસ્દી લે તો આપોઆપ એમના સર્જનમાંથી ભ્રામકતા દૂર થશે. આમ જ્ઞાનવૃદ્ધિ કરતા આ શિબિરના અંતે સૌનો આભાર માનવામાં આવ્યો હતો.

દર વર્ષે રેશનાલિઝમ ક્ષેત્રે નેત્રદીપક કાર્ય કરનારને સત્યશોધક સભા 'રમણભ્રમણ સુવર્ણચંદ્રક'થી નવાજે છે. આ વર્ષે સુરત વિસ્તારના કાર્યકરને પોંખવાના હતા. આથી આપણી કારોબારીએ **ડો. સુષ્મા અય્યર**ને તા. ૧૧–૬–૨૩ ના રોજના **સૂર્યકાન્ત શાહ**ના પ્રમુખપદે યોજાયેલા ભવ્ય સમારંભમાં 'રમણભ્રમણ' સુવર્ણચંદ્રકથી આભૂષિત કર્યા હતા. સુવર્ણચંદ્રક અર્પણ કરતા પહેલા આવેલા મહેમાનો સમક્ષ રેશનાલિઝમના મર્મને **ડો. પ્રકાશ ભટ્ટે** 'એલોપથી અને પ્રતીતિકારક પુરાવાઓ'ને કેન્દ્રમાં રાખીને એલોપથી

એક વૈજ્ઞાનિક શુશ્રૂષા હોવાનું પાવર પોઈન્ટની મદદથી સમજાવ્યું હતું. ડૉ. ભટ્ટે એલોપથીના મૂળમાં ડાર્વિનનો ઉત્ક્રાંતિવાદપણ હોવાનું જણાવ્યું. ઉત્ક્રાંતિવાદથી માનવજાતને સમજાયું કે શરીરની રચના કોઈ અપાર્થિવ તત્ત્વ કરતું નથી. સમયની સાથે સાથે અનુકૂલન કરવાની શક્તિને લીધે બધા જીવોનાં અને માણસના શરીરની પણ રચના થઈ છે. એનો અર્થ એ કે શરીરમાં વિકૃતિ એટલે કે રોગ પગપેસારો કરે તો તે માટે અપાર્થિવ તત્ત્વને પ્રાર્થના કરવાની  જરૂર નથી. એ વિકૃતિને વૈજ્ઞાનિક પદ્ધતિએ સમજીને એને દૂર કરી શકાય. આ માટે એલોપથીએ વૈજ્ઞાનિક ઢબે વિકૃતિ દૂર કરવાના ઉપાયો શોધવા માંડયા. આ સંશોધનોની યાત્રાનો છેડો હજી આવ્યો નથી, અને આવશે પણ નહીં કારણ કે પ્રત્યેક નવું સંશોધન બીજો એકાધિક સંશોધન માટેનું પગથિયું બની જાય છે. દર્દીને અપાતી દવાઓ પાછળ અબજો ડોલરના રોકાણ અને વારંવારની ચકાસણી પછી તૈયાર થાય છે. એમાં જો કોઈ ખામી દેખાય તો તે સુધારવામાં આવે છે. આમ, ડૉ. ભટ્ટે  એલોપથીના જન્મથી માંડી, દવા અને શુશ્રૂષા સુધી સળંગ અને સતત વૈજ્ઞાનિક પદ્ધતિઓ જ ઉપયોગમાં લેવાય છે તે શ્રોતાઓને સમજાવ્યું.

અતિથિવિશેષ તરીકે ખારેલના ડૉ. અશ્વિન શાહ પધાર્યા હતા. એમણે સત્યશોધક સભાની પ્રવૃત્તિઓને બિરદાવી હતી. એમણે કેટલાક ડોકટરોના પોતાના કસબમાં વિશ્વાસ હોવાને બદલે ખુદા–ગોડ–ઈશ્વરથી ઓળખાતા અપાર્થિવ તત્ત્વમાંની શ્રદ્ધા પરત્વે દુ:ખદ આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું. અંગદાનનો જ દાખલો આપીને એમણે જણાવ્યું કે એક આત્મા સાથે સંકળાયેલું અંગ બીજા આત્માનું અંગ બની જાય, જીવતું રહે અને કામ કરતું થઈ જાય તે બતાવે છે કે આત્મા અને તેના તાર્કિક સ્વરૂપે પેદા થયેલા પરમાત્મા જેવું કશું નથી. ધાર્મિક વ્યવસ્થા હેઠળ સંચિતોને વંચિતોના શોષણનો પરવાનો મળે છે. મુશ્કેલી એ છે કે તર્ક અને હકીકતનો આધાર લઈને કોઈક તત્ત્વ અને ઘટનાને સમજવા માટે મગજને કાર્યરત બનાવવું પડે છે. શ્રદ્ધા મગજને આળસુ બનાવે છે તે મોટા ભાગની પ્રજાને અનુકૂળ પડે છે. આથી પણ તેઓ શ્રદ્ધાળુ થાય છે.

મહાનુભાવ વિદ્વાનોના પ્રવચનો બાદ શ્રોતાઓ જેની આતુરતાપૂર્વક રાહ જોતા હતા તે સોનેરી પળ આવી પહોંચી. ડૉ. પ્રશમાએ એમના માતુશ્રી સુષ્માનો પરિચય

આપ્યો. ત્યારબાદ પ્રમુખશ્રી **સૂર્યકાન્ત શાહે ડો. સુષ્મા અય્યરને** 'રમણભ્રમણ સુવર્ણચંદ્રક'થી આભૂષિત કર્યા, ને શ્રોતાઓથી ચિક્કાર ભરાયેલ રોટરી કલબનો સભાખંડ તાળીઓના ગડગડાટથી ગાજી ઊઠયો. પેટ્રન મુરબ્બી **ડો. બી. એ. પરીખે** સુષ્મા અય્યરને સન્માનપત્ર અર્પણ કર્યો. **ડો. સુષ્માના** પતિ **ડો. પ્રદિપ મેકવાને** એમને શાલ ઓઢાડી પોતાના પ્રેમને વ્યક્ત કર્યો હતો. પ્રતિભાવ આપતા ડૉ. સુષ્માએ જણાવ્યું કે એમનું થયેલ સન્માન રેશનાલિસ્ટોના અને મહિલાઓના સમાજનું સન્માન છે. અંધશ્રદ્ધા અને વહેમનો સૌથી વધારે ભોગ મહિલાઓ બને છે. સમગ્ર રાજ્ય વ્યવસ્થા ગરીબો અને મહિલાઓના શોષણની રખવાળી  છે. આ વ્યવસ્થા જ્યારે ધર્માંધારિત બને છે ત્યારે શોષણ ખૂબ ભયાનક બની જાય છે. આમાંથી બહાર નીકળવા અને રેશનાલિઝમના રાહે પદાર્પણ કરવા આપણે સૌએ સખત મહેનત કરવી પડશે. આમ **ડો. અય્યરે** પણ સુવર્ણચંદ્રક સ્વીકારતી વખતે આ કાર્યક્રમના બૌદ્ધિક વ્યાયામના ભાગ સ્વરૂપે પોતે પણ વ્યાયામ કર્યો ! ત્યારબાદ **ડો. સુષ્માએ** આ પૂર્વે જેઓ 'રમણભ્રમણ સુવર્ણચંદ્રક'થી વિભૂષિત થયા હતા એમનું સન્માન કર્યું. અનેક શ્રોતાઓએ  **ડો. સુષ્માને** પુષ્પગુચ્છ અર્પણ કરી એમને મળેલ સુવર્ણચંદ્રક પરત્વે ખુશી વ્યકત કરી હતી. સહમંત્રી **સુગીત પાઠકજીએ** સૌનો આભાર માન્યો હતો.

તા. ૨૪–૯–૨૩ના રોજ સત્યશોધક સભાની વાર્ષિક સાધારણ સભા મળી હતી. આ સભામાં સત્યશોધક સભાના વાર્ષિક હિસાબો અને મંત્રીઓનો વાર્ષિક અહેવાલ રજૂ થયા હતા. જે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા.

વેસુની નગર પ્રાથમિક શાળા આયોજિત પ્રદર્શનનો એક સ્ટોલ સત્યશોધક સભાને ફાળવવામાં આવ્યો હતો. એ સ્ટોલ પર પ્રદર્શનના સમય દરમિયાન આપણા મંત્રી **જાદવ વેકરિયા** અને સહમંત્રી **સુગીત પાઠકજીએ** ચમત્કાર નિદર્શન કર્યા હતા. એ પ્રદર્શનમાં જાદવનું સન્માન કરવામાં આવ્યું હતું. પાઠકજીએ અગ્નિ પ્રાગટય કરી પ્રદર્શનના ઉદ્‌ઘાટન સમારંભની શરૂઆત કરી હતી.

સત્યશોધક સભાના શુભેચ્છક અને 'સત્યાન્વેષણ'માં નિયમિત લખનાર તેમજ 'રમણભ્રમણ સુવર્ણચંદ્રક'થી વિભૂષિત થયેલ એન. વી. ચાવડાના નિધન પરત્વે તમારી

કારોબારીએ તા. ૩–૧૨–૨૩ના રોજ ઊંડા શોકની લાગણી વ્યકત કરી હતી.

૨૦૨૪નો ‘રમણભ્રમણ સુવર્ણચંદ્રક’ સુરત બહારના રેશનાલિસ્ટને અર્પણ કરવાનો થાય છે. તમારી કારોબારીએ તે પ્રખર  રેશનાલિસ્ટ **બિપીનભાઈ શ્રોફ**ને અર્પણ કરવાનો નિર્ણય લીધો છે.

સત્તરમી પ્રમોદચંદ્ર પાઠકજી નિબંધ સ્પર્ધા તા. ૧૨–૨–૨૪ના રોજ સુરત, નાનપુરાની ટી. એન્ડ ટી. વી. સાર્વજનિક હાઈસ્કૂલમાં યોજાઈ. આચાર્ય **શ્રી સી. ડી. પટેલે** સ્પર્ધા સફળતાપૂર્વક યોજાય તે માટેના બધા પ્રયત્નો કર્યા હતા. શાળાના શિક્ષકો, કર્મચારીઓ, તેર શાળાના આચાર્યો કે જેમણે પાંસઠ સ્પર્ધકો મોકલ્યા હતા ! સ્પર્ધકો સાથે આવેલા શિક્ષકો અને ખાસ તો માનનીય જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ તેમાં ભાગ લેવાનું જણાવતો પરિપત્ર બધી શાળાઓને મોકલ્યો તે સૌના સહકારથી સ્પર્ધા સફળતાપૂર્વક યોજાઈ. **શ્રી શોભા પટેલ** અને **શ્રી રમેશ પટેલે** નિર્ણાયક તરીકે સેવા આપી તેની સકદર નોંધ લઈએ છીએ. આપણા કોષાધ્યક્ષ **મોહન પટેલે** સ્પર્ધાનો સમગ્ર ભાર ઉઠાવી લીધો હતો. ચાર વિદ્યાર્થીઓને રોકડ ઈનામો આપવાની જાહેરાત થઈ ગઈ છે.

સત્યશોધક સભાના ઈતિહાસમાં પહેલો એવો  બનાવ બન્યો કે  જેમાં કોઈ એક યુનિવર્સિટી સાથે રહીને પ્રવચન ગોઠવે !  સુરતની **વનિતા વિમેન્સ યુનિવર્સિટી** સાથે રહીને આપણે તા. ૨–૧–૨૪ના રોજ પાલનપુરની મોદી કોલેજ ઓફ આર્ટ્સના ડૉ. **મિહિર દવે** નું ‘તસલીમા નસરીન ! એક માનવવાદી’ વિષય પર પ્રવચન ગોઠવાયું. યુનિવર્સિટીના કુલપતિ ડૉ. દક્ષેશ ઠાકર પ્રમુખ સ્થાને હતા. એમની જ સંમતિ અને સહકાર થકી આ કાર્યક્રમ યોજાયો. સત્યશોધક સભાના પૂર્વ પ્રમુખ **બાબુભાઈ દેસાઈ**ની યાદમાં આ વ્યાખ્યાન યોજાયું હતું. પ્રમુખ **સૂર્યકાન્ત શાહે** બાબુભાઈને યાદ કરીને એમના મહિલા અધિકાર માટેના આગ્રહને અનરૂપ વ્યાખ્યાન યોજાયું તેનો મર્મ સમજાવ્યો હતો. તસલીમા નસરીનને કેન્દ્રમાં રાખીને દવેનું વ્યાખ્યાન યોજાયું એટલે નસરીનના એક વિચારને શાહે દોહરાવ્યો હતો કે ‘લૈંગિક સમાનતા લૈંગિક અસમાનતાની વિરૂદ્ધ છે, નહિ કે લૈંગિક વિશિષ્ટતા વિરૂદ્ધ.’ પેટ્રન **ડો. પરીખે** જણાવ્યું કે મોટા

ભાગની પ્રજા વહેમ અને અંધશ્રદ્ધામાં સ્વયંભૂ ફસાવા માંગે છે તેથી તે ફસાય છે. સમાજની આ બહુ મોટી કરુણતા છે.

ત્યારબાદ **મિહિર દવે**એ તસલીમાના જીવનના સંઘર્ષો અને મહિલા અધિકાર માટેના એના ક્રાંતિકારી વિચારોને એમની આગવી શૈલીમાં રસપ્રદ રીતે સમજાવ્યું. પ્રમુખસ્થાનેથી બોલતા **ડો. ઠાકરે** જણાવ્યું કે મહિલાઓએ પોતે જ આગળ આવી શોષણનો પ્રતિકાર કરવો જોઈએ. સુગીત પાઠકજીએ સૌનો આભાર માન્યો હતો.

તા. ૧૯–૨–૨૪ના રોજ **અતુલભાઈ પાઠકજી**ના પ્રમુખપદે **પ્રો. હેમંતકુમાર શાહનું** 'ભારતીય બંધારણમાં વૈજ્ઞાનિક અભિગમ' પર વ્યાખ્યાન યોજાયુ હતું. આ પ્રસંગે આપણા કોષાધ્યક્ષ **મોહનભાઈ પટેલ**ના 'પ્રેરણા સ્ત્રોત' પુસ્તકનું વિમોચન શ્રી આત્મારામ પરમારના હસ્તે થયું. સૂર્યકાન્ત શાહે સૌને આવકારતા બંધારણમાંના મુખ્ય સ્વતંત્રતાના તત્ત્વ તરફ સૌનું ધ્યાન ખેંચ્યું હતું. આત્મારામભાઈએ મોહનભાઈ પટેલની શૈક્ષણિક ક્ષેત્રે સેવાઓ અને 'પ્રેરણાશ્રોત' જેવા અન્ય પુસ્તકોની રચના કરી સમાજને જે સુવિચારોની જરૂર છે તે આપે છે તેની પ્રશંસા કરી.

મુખ્ય વકતા **હેમંતકુમાર શાહે** ખીચોખીચ ભરાયેલા સભાખંડમાંના શ્રોતાઓને જણાવ્યું કે વૈયકિતક સ્વાતંત્ર્ય વિના સમાજ સમૃદ્ધ બની શકે જ નહીં. વ્યકિતમાં ખુમારી આવે જ નહીં. વ્યકિતની જે સંભવિતતાઓ છે તે વાસ્તવિકતામાં રૂપાંતર થાય જ નહીં. બંધારણે વ્યકિત સ્વાતંત્ર્ય જળવાય તેનો ખૂબ ખ્યાલ રાખ્યો છે. હવે પ્રજા તરીકે આપણો વારસો છે કે તે હકથી મેળવીએ અને જાળવીએ. ફાધર રાજીવે જણાવ્યું કે બંધારણને જ આપણો ધર્મગ્રંથ માનવો જોઈએ કે જેથી બધા જ ધર્મોને રક્ષણ મળે. અતુલભાઈએ પ્રમુખીય સમાપન કરતા જણાવ્યું કે આઝાદીની લડત આપણે સૌને સાચા અર્થમાં આઝાદી મળે તે માટેની હતી. **ડો. સુષ્મા અય્યરે** સૌનો આભાર માન્યો હતો.

તા. ૨૮–૨–૨૪ના વિજ્ઞાન દિન નિમિત્તે રૂસ્તમપુરા, સુરતની નગર પ્રાથમિક શાળા નં. ૩૬–૩૮માં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના અધ્યક્ષ **રાજેન્દ્ર કાપડિયા**ના પ્રમુખપદે ચમત્કાર નિદર્શન તેમ જ ગમ્મત સાથે વિજ્ઞાનની સમજનો કાર્યક્રમ યોજાયો. સમિતિની શાળાના સંનિષ્ઠ શિક્ષક **શ્રી રાકેશ દેસાઈ**એ આ કાર્યક્રમનું સફળતાપૂર્વક

આયોજન કર્યું હતું. જાદવ વેકરિયાએ અગ્નિ પ્રાગટયથી કાર્યક્રમની શરૂઆત કરી હતી. એમણે ચમત્કાર નિદર્શન પણ કર્યું હતું. ઉપપ્રમુખ મનસુખ નારિયાએ ગમ્મત સાથે વિજ્ઞાનના નિયમોની સમજ આપી હતી. પ્રમુખ સૂર્યકાન્ત શાહે સત્યશોધક સભાનો પરિચય આપ્યો હતો. હાજર રહેલા વાલીઓ, વિજ્ઞાન શિક્ષકો અને વિદ્યાર્થીઓને સંશય કરવાની ટેવ પાડવાનો એમણે અનુગ્રહ કર્યો હતો. સહમંત્રી સુગીત પાઠકજીએ જેમના નામે વિજ્ઞાન દિન ઉજવાય છે તે સી. વી. રામન અને એમના સંશોધનની વિગત આપી હતી. અધ્યક્ષ **શ્રી રાજેન્દ્ર કાપડિયા**એ વિજ્ઞાન અને તેના નિયમોને આધાર બનાવી જીવનનું ઘડતર કરવાનું આહ્‌વાન કર્યું હતું. સમિતિના ઉપાધ્યક્ષ **શ્રીમતી ગોસ્વામીજી**એ વિજ્ઞાનની શોધખોળથી થતાં પરિવર્તનો સાથે આપણી સંસ્કૃતિને જોડતા રહેવાના પ્રયત્નો કરવાનું સૂચન કર્યું હતું. **આચાર્યાશ્રી સંગીતાબેન રાણા** હસ્તક સત્યશોધક સભાને દાન આપવામાં આવ્યું હતું.

નર્મદા જિલ્લાના તિલકવાડાના **છગનભાઈ વણકર** સત્યશોધક સભાના શુભેચ્છક હતા. એમણે ‘સત્યાન્વેષણ’ના ઘણા વાચકો નોંધ્યા હતા. તા. ૩૦–૩–૨૪ના રોજ એમના થયેલા નિધન પરત્વે ‘સત્યાન્વેષણ’માં એમને હાર્દિક અંજલિ આપવામાં આવી હતી.

કોસાડ (સુરત)ની હરિકૃષ્ણ સ્કૂલના સમર કેમ્પમાં સત્યશોધક સભા તરફથી યોજાયેલ ચમત્કાર નિદર્શનને જાદવ વેકરિયાએ સંભાળ્યું હતું. જ્યારે પ્રયોગો દ્વારા વિજ્ઞાનના સિદ્ધાંતોને **મનસુખ નારિયા**એ સમજાવ્યા હતા. આચાર્યા વિરલબેને અને વિજ્ઞાન શિક્ષક **પ્રિન્સભાઈ**એ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

વર્ષ દરમિયાન સત્યશોધક સભાને નાના–મોટાં દાન મળતા રહ્યા હતા. એમાં અમેરિકા સ્થિત આપણા પ્રમુખ **સૂર્યકાન્ત શાહ**ના વિદ્યાર્થી તેમજ એકવારના સત્યશોધક સભાના સક્રિય કાર્યકર શ્રી હસમુખભાઈ પટેલે સંસ્થાને આપેલ રૂા. ૫૧,૦૦૦/–ના દાનની સાભાર નોંધ લઈએ છીએ. સર્વે દાતાઓનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

# વૈજ્ઞાનિક શોધોના અવશેષ કેમ નથી ?

**–એન. વી. ચાવડા**

**(હવે આપણી વચ્ચે એન. વી. ચાવડા નથી. તેઓશ્રી શબ્દદેહે આપણી વચ્ચે જીવિત છે. એ શબ્દદેહના ભાગસ્વરુપ એમણે સત્યશોધક સભાને કેટલાક લેખ મોકલ્યા હતા. એમની યાદ તાજી રાખવા એ પૂરા થાય ત્યાં સુધી અત્રે પ્રગટ કરતા રહીશું. –સૂ.)**

જે લોકો સત્ય સમજી શકતા નથી, અથવા સત્યથી ગભરાય છે, અથવા જે લોકોને સત્યથી હાનિ થાય છે એવા લોકો માનસિક ગુલામ હોય છે. એવા લોકો સત્યને કયારેય સમજી શકતા નથી અથવા બદ્ઈરાદાપૂર્વક સત્યને નહીં સમજવા માટે અખાડા કરે છે. પ્રા. રમણ પાઠક 'વાચસ્પતિ'ના શબ્દોમાં કહીએ તો, આવા લોકો જાગૃતાવસ્થામાં પથારીમાં લઘુશંકા કરનારા હોય છે. જે લોકો ઊંઘમાં પથારીમાં લઘુશંકા કરી જાય છે તેમના માટે દવા મળે છે, પરંતુ જે લોકો જાગૃતાવસ્થામાં પથારીમાં લઘુશંકા કરે છે, તેનો કોઈ ઈલાજ નથી, તેથી જે લોકો કદીયે સત્ય ન સમજવા માટે મજબૂર છે, તેમને કોઈ કહેવાતો સૃષ્ટિનો સર્જનહાર પણ સત્ય સમજાવી શકતો નથી.

તાજેતરમાં આપણા દેશમાં કેટલાક રાજનેતાઓ અને કેટલાક બુદ્ધિજીવીઓનું જૂથ આપણા સમાજમાં એવાં જૂઠ, અજ્ઞાન અને અંધશ્રદ્ધા ફેલાવી રહ્યા છે કે જેનો જોટો જગતમાં બીજે ક્યાંય મળવો અશકય છે. તેઓ સત્ય સમજવા તો ઠીક, સાંભળવા પણ તૈયાર નથી. જેનાં ગંભીર ભયાનક પરિણામો આવવાની શકયતા છે. તેની નોંધ ભારતની સમગ્ર પ્રજાએ લેવી અતિ આવશ્યક છે.

આ લોકો એવો પ્રચાર કરી રહ્યા છે કે જગતનું તમામ જ્ઞાન અને વિજ્ઞાન પણ વેદ, પુરાણ, રામાયણ, મહાભારત અને ગીતા આદિ સંસ્કૃત સાહિત્યમાં વિદ્યમાન છે. પશ્ચિમના વૈજ્ઞાનિકોએ જે જે વૈજ્ઞાનિક શોધખોળો કરી છે તે બધી આ ગ્રંથોમાંથી પ્રેરણા લઈને જ કરી છે અને એમાંથી ઉઠાંતરી કરી છે, એટલું જ નહિ તેઓ એવું પણ કહે છે કે રામાયણની સીતા ટેસ્ટટયુબ બેબી હતી, કૌરવો કલોનીંગ દ્વારા ઉત્પન્ન થયા હતા. મહાભારતકાળમાં ઈન્ટરનેટ અને ડીજિટલ સિસ્ટમ હતી. રામાયણકાળમાં વિમાનો હતા. ગણેશનું હાથીનું માથું પ્લાસ્ટિક સર્જરી દ્વારા બેસાડવામાં આવ્યું હતું, વગેરે..

આ લોકો એનો જવાબ આપવા તૈયાર થતાં નથી કે આપણા દેશમાં એ બધું હતું તો એકાએક ધરમૂળથી નષ્ટ કેમ થઈ ગયું ? કોણે નષ્ટ કર્યું ? શા માટે નષ્ટ કર્યું ? ઉપરાંત દેશમાં એના અસ્તિત્વનો એક પણ અવશેષ કેમ જોવા મળતો નથી ? તેમ જ આપણે એવી મહાન પ્રજા હતા તો હજારો વર્ષો સુધી વિદેશી–વિધર્મીઓના ગુલામ કેમ રહયાં ? શૂન્યની શોધ કર્યા પછી આપણે શૂન્ય કેમ થઈ ગયાં ?

# પૃથ્વી સ્વયંભુ ગરમી વધારતી જ જશે !

આજથી આશરે પંદર વર્સ પૂર્વે હોકીંગે એક વિચિત્ર પણ ભયંકર આગાહી કરી છે. એમણે એવું જણાવ્યું છે કે માણસની અવળચંડાઈને કારણે અમુક હદ સુધી પૃથ્વીનું ઉષ્ણતામાન વધી જશે, પછી એને વધારવા માણસે વધારાના પ્રયત્નો કરવા પડશે નહીં ! એ ઉષ્ણતામાન સ્વયંભુ વધતું જ જશે. ઉત્તર અને દક્ષિણ ધ્રુવનો બરફ એના પર પડતા સૂર્યના કિરણોનું પરાવર્તન કરી એ ગરમીને અવકાશમાં પાછી ધકેલી દે છે. વધતા ઉષ્ણતામાને એ બરફ પીગળી જશે પછી સૂર્યનાં કિરણોની ગરમી અવકાશમાં જવાની નથી. એ પૃથ્વી પર જ રહીને ગરમીને આપોઆપ વધારશે. એમેઝોનનાં જંગલો ગરમ પ્રદેશમાં છે. ત્યાં ગરમી હજી વધશે એટલે એ જંગલો ટકી શકવાના નથી. એ બળશે, નષ્ટ થશે. આ જંગલો ખૂબ મોટા પ્રમાણમાં કાર્બનને શોષી લે છે. એ શોષાવાનું બંધ થશે. પૃથ્વી એની મેળે જ વધારે ને વધારે ગરમ થવા માંડશે. સાગર–મહાસાગરો પણ કાર્બનનો સંગ્રહ કરે છે. એનું ઉષ્ણતામાન વધશે એટલે એનામાં સંગ્રહીત કાર્બન પૃથ્વી પર વછૂટવા માંડશે. માણસની કોઈપણ વધારાની અવળચંડાઈ વિના પૃથ્વી વધુ ને વધુ ગરમ થતી જશે. શુક્રની સપાટી પર ૨૫૦° સેલ્સિયસ તાપમાન છે. આપણી પૃથ્વી તેટલી ગરમ થવા જાતે જ પ્રયત્ન કરશે. અલબત્ત, ૨૫૦° સેલ્સિયસની ગરમી અનુભવવા માણસ જીવતો રહેવાનો નથી. એ તો સરેરાશ ૭૦° ની ગરમી થતા થતા મરી જશે !

# મુ. મણિબાની ચિરવિદાય




આપણા ઝાંબાજ કાર્યકર, સત્યશોધક સભાના પૂર્વમંત્રી અને પ્રવર્તમાન સહયોગી કારોબારી સભ્ય મધુભાઈ કાકડિયાના માતુશ્રી મણિબાએ ૯૫ વર્ષની ઉંમરે તા. ૧૪–૦૮–૨૪ ના રોજ ચિરવિદાય લીધી. એમની અંતિમ યાત્રા પ્રસંગે મધુભાઈ અને કુંટુંબીજનોએ મણિબાની મોટી ઉંમરને ધ્યાનમાં લઈ એમને વાજતેગાજતે વિદાય કરવાનું રાખેલું. એ જે હશે તે, સત્યશોધક સભા મધુભાઈ અને કુટુંબીજનોને દિલસોજી પાઠવે છે.

### આવતીકાલ તા. સોળમીએ અર્પણ થનાર સન્માનપત્ર

# સત્યશોધક સભા, સુરત
# રમણભ્રમણ સુવર્ણચંદ્રક અર્પણ
# સન્માન પત્ર

**પ્રખર રેશનાલિસ્ટ બિપીનભાઈ જે. પરીખ (શ્રોફ)**



આપશ્રી આજે અમારી વચ્ચે રેશનાલિઝમના જ્યોતિર્ધરની જેમ બિરાજમાન છો. આપની પૂરા ૮૧ વર્ષની જિંદગીમાં આપ સતત વિવેક બુદ્ધિવાદને માટે કાર્યરત છો. ઝઝૂમ્યા છો. આપે એમ. એ., એલ. એલ. બી. કર્યા બાદ ધંધાકીય પ્રવૃત્તિઓ કરી.

મૂળમાં આપ સમાજમાં પ્રવર્તતા વહેમ, અંધશ્રદ્ધા, પાખંડ, શોષણ જેવાં તત્ત્વોથી સતત પરેશાન રહો છો. આથી જ્યારે આપણે કોઈ પણ વકતવ્ય આપવાનું હોય કે પ્રવૃત્તિ કરવાની હોય ત્યારે તે આપોઆપ આ દૂષણ વિરોધી દિશા પકડે છે. અને માનવવાદ તરફ આગળ વધે છે. આમ આપ એક અજંપાભર્યા માનવ છો. સ્વાભાવિક છે કે આપ આપના વિચારો વિશાળ જનસમુદાય સુધી પહોંચાડવાને પ્રયત્નશીલ બનો. આથી આપે ૩૦–૩૦ વર્ષ સુધી એકલા હાથે **'વૈશ્વિક માનવવાદ' માસિક**નું સુકાન સંભાળ્યું. મહેમદાવાદમાં રહીને આપ રેશનાલિઝમ અને માનવવાદના પ્રચાર–પ્રસાર માટે અનેક સમવિચારધારીઓને મળતા રહ્યા. વડોદરાના પ્રા. રાવજીભાઈ પટેલ આપ જેવા અનેક રેશનાલિસ્ટો અને માનવવાદીઓના માર્ગદર્શક હતા. એમની રચનાઓનો સંગ્રહ કરી આપે collected work of prof. Ravjibhai Patel પુસ્તક બહાર પાડી એમને વિશેષ અંજલિ આપી હતી. એ જ પ્રમાણે એમ.એન. રોય સ્થાપિત "Radical Humanist" માસિકમાં આપ નિયમિત લેખક છો.

માહિતી સંચારની ખૂબ અસરકારક નવી ટેકનોલોજી ઈન્ટરનેટના પ્રભાવને આપે પારખી લીધો છે. આટલી મોટી ઉંમરે આપે જાણે ડાર્વિનના સિદ્ધાંતાનુસાર અનુકૂલન કરવાનું રાખ્યું છે. આથી જ આપે આપનો બ્લોગ બનાવી તેના પર રેશનાલિઝમ અને

માનવવાદની મીમાંસા કરતા સેંકડો લેખે લખ્યા છે અને હજી લખતા જ રહેશો એ આશા અસ્થાને નથી. એ જ પ્રમાણે યુ ટયુબ, ફેસબુક અને વોટ્સએપ જેવા સોશિયલ મીડિયામાં પણ આપની હાજરી સતત વરતાય છે.

આપ એક આશાવાદી છો તેથી આપ મક્કમપણે માનો છો કે આ એકવીસમી સદી તો વૈશ્વિક માનવવાદની જ બનશે. એ આશાવાદને વ્યક્ત કરતું આપનું પુસ્તક '૨૧મી સદીની વિચારસરણી : 'વૈશ્વિક માનવવાદ' પણ પ્રસિદ્ધ થયું છે.

શૈક્ષણિક પ્રવૃત્તિમાં પણ આપ રસ ધરાવો છો. આથી મહેમદાવાદની **આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના સ્થાપક અધ્યક્ષ** તરીકે આપે દશ–દશ વર્ષ સુધી સેવા આપી હતી.

આમ આપ રેશનાલિઝમ અને માનવવાદના મશાલચી છો. આપનાં જીવન–કવનમાંથી અમારા જેવા ઘણાને પ્રેરણા મળે છે. સ્વાભાવિક રીતે જ રેશનાલિઝમને વરેલી સત્યશોધક સભા, સુરત આપને નવાજીને પોતાનું ગૌરવ વધાર્યાનો સંતોષ લે. આથી આજે તા. ૧૬–૦૯–૨૪ને સોમવારે અમદાવાદમાં 'ગુજરાત–મુંબઈ રેશનાલિસ્ટ એસોસિએશનને ઉપક્રમે મળેલા રેશનાલિસ્ટોના આ સંમેલનમાં સત્યશોધક સભા, સુરત આપને પોંખીને ગૌરવાન્વિત બને છે. આપશ્રી હજી પણ રેશનાલિઝમ અને માનવવાદ માટે કાર્યરત રહો એવી શભેચ્છા સાથે...

**સૂર્યકાન્ત શાહ**
પ્રમુખ
સત્યશોધક સભા

---

## સત્યશોધક સભાને દાન

આપણી કારોબારીના સહયોગી અકબરભાઈ સંચાલિત ધ સુરત અલવી ટ્રસ્ટ ફંડ તરફથી સત્યશોધક સભાને રૂા. ૫,૦૦૦ નું દાન મળ્યું છે. જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

૨૨–૦૯–૨૪

**સૂર્યકાન્ત શાહ**
પ્રમુખ

# સવિનય કાનૂન ભંગ (?)

**–અશ્વિન કારીઆ**

ગુજરાતમાં રેશનાલિસ્ટ સંગઠનો અને સમભાવી મિત્રોએ અંધશ્રદ્ધા નિર્મૂલન કાનૂન માટે વર્ષો સુધી કરેલ રજૂઆતો સરકારના બહેરા કાને અથડાતાં અશ્વિન કારીઆ અને ગિરીશ સૂંઢિયાએ ગુજરાત હાઈકોર્ટનાં વકિલ હર્ષ રાવલ મારફત જાહેર હિતની અરજી કરતાં તેના જવાબમાં ગુજરાત સરકારે માંગણી મુજબ વિધેયક રજૂ કરી અને તે વિધાનસભાએ સર્વાનુમતે પસાર પણ કર્યું. વિધેયકમાં અલબત્ત, કેટલીક છટકબારીઓ તો છે જ, તેમ છતાં યે વિધેયક પસાર થયાનો આનંદ છે અને ગુજરાત સરકારને અભિનંદન !

બીજી બાજુ 'સોનાની થાળીમાં લોઢાની મેખ' જેવો બનાવ રાજકોટ સરકારી તંત્રમાં બન્યો. વાંચકોને યાદ હશે કે ગત ૨૫મેના રોજ રાજકોટમાં ચાલી રહેલ ગેમ ઝોનમાં આગ લાગતા ૨૭ લોકો જીવતા ભૂંજાઈ મર્યા હતા. ૨૫ ઓગસ્ટના રોજ જન્માષ્ટમી નિમિત્તે રાજકોટ મહાનગરપાલિકા યોજિત લોકમેળામાં આવું કોઈ સંભવિત વિઘ્ન આવી પડવાના ડરથી અને તે આવવાને ટાળવાના હેતુથી ત્યાંના ડેપ્યુટી કલેકટરે પોતાની કચેરીમાં કચેરી સમય દરમ્યાન કર્મચારીઓની હાજરીમાં હવનનું આયોજન કરેલ હતું.

ગુજરાત વિધાનસભાએ સર્વાનુમતે પસાર કરેલ ઉપર્યુકત વિધેયક પસાર થયાની શાહી સૂકાઈ ન હતી અને તેના બે–ત્રણ દિવસમાં યોજાયેલ આ હવનનું આયોજન ઘણી રીતે વાંધાજનક છે પ્રથમ તો એ કે આપણો દેશ બંધારણથી ધર્મનિરપેક્ષ છે અને ધર્મોનિરપેક્ષતા આ બંધારણીય મૂલ્યનું રક્ષણ કરવાની તમામ સરકારી તંત્રો અને તેની સાથે જોડાયેલ તમામ કર્મચારીઓ (એટલે from peon to President and Parliamen) ની જવાબદારી છે. ધર્મ અંગત વ્યક્તિ સ્વાતંત્ર્યનો મામલો છે. તેનું આચરણ ઘરમાં, તમારી દુકાનમાં થઈ શકે. પરંતુ સરકારી તંત્રમાં તમારી અંગત ચેમ્બર, તમારી (એટલે કે કર્મચારી કે અધિકારીની) નથી. તે સરકારી કચેરી છે અને સરકારની તમામ કચેરીઓમાં ધર્મનિરપેક્ષતાનું પાલન થવું જોઈએ. બે માસ અગાઉ મહારાષ્ટ્રના કોઈ શહેરમાં કોર્ટ બિલ્ડિંગના ઉદ્‌ઘાટન પ્રસંગે સુપ્રિમ કોર્ટ ન્યાયાધીશે ટીકા કરતા જણાવેલ કે ન્યાયાલય પરિસરમાં હોમહવન જેવા કર્મકાંડ થવા ન જોઈએ, અને આવા પ્રસંગે બંધારણ આમુખનું વાંચન થવું જોઈએ.

જો કે આવા એક નહીં, ધર્મ/નિરપેક્ષતા ભંગના અનેક પ્રસંગો સરકારી કર્મચારીઓમાં થઈ રહ્યા છે, સરકારી કચેરીઓના પ્રાગણમાં મંદિર બનાવાય છે, તહેવારોએ ભુવા તેડાવાય છે, સત્યનારાયણ કથા યોજાય છે, પ્રસાદ વહેંચાય છે વગેરે. એટલે તો ગુજરાત સરકારે છેક ૧૯૭૨માં પરિપત્ર એ પ્રકારનો જારી કરેલ છે કે સરકારી કર્મચારીઓમાં ધાર્મિક વિધિવિધાન થવા જોઈએ નહીં. હવન આયોજક કદાચ આ પરિપત્રથી અજાણ હશે.

આપણા બંધારણ અનુચ્છેદ SI ACh માં દરેક નાગરિકની વૈજ્ઞાનિક માનસ કેળવવાની ફરજ પર ભાર મૂકાયો છે. સામાન્ય નાગરિક કરતાં, સરકારના ઉચ્ચ અધિકારીની આ વિશેષ ફરજ બની રહે છે. વૈજ્ઞાનિક અભિગમમાં તાર્કિકતા અને કાર્ય–કારણ સંબંધની બાબત મુખ્ય છે. હવનથી આવનારી કોઈ આપત્તિ ટાળી શકાતી નથી. કારણ કે તેની વચ્ચે કાર્ય કારણનો સંબંધ નથી. વળી આ કિસ્સામાં તો એ સિદ્ધ પણ થયેલું છે. કારણ કે રાજકોટમાં લોકમેળો ખુલ્લો મૂકાયા બાદ ભારે વરસાદના કારણે કાદવ–કીચડ જમા થયેલ હોવાથી કાગડા ઉડતા હતા, અને અંતે લોકમેળો રદ કરવાની નોબત આવી પડી હતી. આમ લોકમેળામાં આપત્તિ તો આવીને જ રહી. આવા ધાર્મિક ક્રિયાકાંડો સરકારી કચેરીમાં અને ચાલુ કચેરી દરમ્યાન યોજવાથી પ્રજામાં ખોટો દાખલે બેસે છે હવનનો ખર્ચ સરકારી ચોપડે નંખાયેલ હોય તો ભલુ પૂછો ! સરકારી તંત્રો મારફત વૈજ્ઞાનિક માનસ કેળવવાનો પ્રચાર–પસાર થવો જોઈએ. અસ્તુ. !

---

કશુંક નીર્બંધ, કશુંક સમયાતીત અને કશુંક અનંત તથ્ય હોવા વિશે માનવજાત સતત આકર્ષાતી રહી છે અને તેનાથી ગુંચવાતી પણ રહી છે. સમગ્ર વિશ્વમાં જે સંસ્કૃતિઓ થોડી ઘણી પણ ચિંતકોથી શોભતી હતી, તેમાં આ તત્ત્વને ક્યાં તો વિશ્વના ભાગ તરીકે સ્વીકારી લેવાનો આગ્રહ થતો હતો, અથવા એનો સ્પષ્ટ ઈનકાર કરવાનો આગ્રહ થતો હતો. એ જે હોય તે, આવા તત્ત્વ અંગે સતત ચર્ચા થતી રહે છે. બીજી બાજુ પ્રકાશથી વધારે ગતીવાળુ આપણી પાસે કશું નથી. આથી આપણું ચિંતન અને શોધ ચોક્કસ મર્યાદિત સમજ થતાં હોય છે. સવાલોને સવાલ છે જ કે, ‘શું કશુંક નિર્બંધ, સમયાતિત અને અનંત હશે ખરું ?’

# ભગવાનથી બચવું અઘરું છે

ભગવાન–ખુદા–ગોડ જેવું કશું નથી, છતાં એના ઠેકેદારોએ આપણા મગજમાં એ અપાર્થીવ તત્ત્વને એટલે ઉંડે સુધી ઘુસાડી દીધું છે કે એ 'છે, છે ને છે જ'નો આપણો આગ્રહ રહે છે. ન્યૂટન જેવો ન્યૂટન ગોડ હોવાનું પ્રામાણીકપણે માનતો હતો !

એણે પોતાની માન્યતાના ટેકામાં ત્રણ બાબતો જણાવી હતી. (૧) જે વસ્તુ ગતીમાં છે તે એક સરખી સીધી લીટીમાં ગતી કરતી નથી. એ વળાંક લે છે. (કેટલો આઘાત લાગે કે ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત શોધનાર ન્યૂટન એ સાદુ સત્ય સમજી શકયો નહીં કે ગતી કરતી વસ્તુને ગુરુત્વાકર્ષણ ખેંચતું હોય છે ! (સૂ.) (૨) ગતી કરતી વસ્તુ એક જ દિશામાં આગળ વધે છે. (ગતી એટલે વસ્તુને લાગતો ધક્કો. જે દિશામાં જવા માટે વસ્તુને ધક્કો લાગ્યો હોય તે દિશા વસ્તુ બદલી શકતી નથી કારણ કે એ જડ છે તે ન્યુટન સમજ્યો નહીં તેનું દુઃખ (સૂ.) (૩) ગતી ધરાવતી વસ્તુઓની કક્ષાઓ સમાન જ હોય છે. (ગુરુત્વાકર્ષણની ગતી પેદા કરતા ધક્કાનું સંયુક્ત પરિણામ એક જ આવે કારણ કે વસ્તુ પોતે આ બન્નેમાંથી કોઈમાં પણ ફેરફાર કરી શકતી નથી તે બાબત ન્યૂટન સમજ્યો નહીં. (સૂ.)

કેટલીયે વાર ભુલની પીઠ પર સવાર થઈને આપણને સત્ય મળવા આવે છે !

**–રેઈન્હોલ્ડ નેઈબુંટર**

ન્યુટને ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત આપીને મોટી ક્રાંતિ કરી. ત્યારથી ઈશ્વર, ખુદા, ગોડના અસ્તિત્ત્વની વિચારધારામાં મુખ્ય બે ફાંટા પડી ગયા. ફાંટા પડયા તે જે સૂચવે છે કે આવો કોઈ અપાર્થીવ પદાર્થ નથી જ. એક વિચારધારાએ ન્યૂટનના વિચારોનો જ સહારો લઈને ખુદા, ગોડ, ભગવાનને બદલે 'કુદરત' શબ્દ વાપરવા માંડયો. 'કુદરત'ના સિદ્ધાંતો પોતે જ સૂચવે છે કે એને રચનારો 'કોઈક' છે એવું ડીંડવાણું એમણે સમાવવા માંડયું. આમ છતાં આ ડીંડવાણું એટલું શકિતશાળી હતું કે તેની માયા જાળમાં પ્રબુદ્ધ કહી શકાય તેવા વૈજ્ઞાનિકો પણ ફસાયા. બીજી વિચારધારા જીવ–માત્રની અનુકૂલન શકિતના કણસલાને પકડીને બેસી ગઈ. કુદરતની પરિસ્થિતિ અને તેમાં આવતાં પરિવર્તનને જીવ–માત્ર એમને એમ અનુકૂળ થતો નથી. એ તો એનામાં ભગવાને આપેલ શકિત છે જે થકી એ અનુકૂલન સાધીને ટકી જાય છે. આવી ભ્રમણા ફેલાવીને તેઓ અવાસ્તવિક ભગવાનને જીવાડે છે.

RNI, Delhi, Regd. No. GUJ GUJ/2009/30348 Posted under Registration License No. SRT-716/2022-2024 (with prepayment of postage)

## જાદવ પૂછે છે

સત્યશોધક સભાના એક મંત્રી જાદવ વેકરિયા પૂછે છે : જો નકલી ડૉક્ટર હોય અને તે પકડાઈ જાય તો અસલી ડૉક્ટર રાજી થાય. નકલી પોલિસ હોય અને તેને અસલી પોલિસ પકડી લે અને તેને આકરી સજા પણ કરે તો નકલી સાધુ–બાવા પાખંડી પકડાય તો અસલી સાધુ સંતો (હોય તો) તેનો વિરોધ કરતા નથી, કે રાજી થતા નથી તેનું કારણ શું ?

જવાબ : સૂર્યકાન્ત શાહ

નકલીઓ પકડાતા અસલી ડૉક્ટર અને પોલિસ રાજી થવાના કોઈ વિશ્વસનીય સર્વેક્ષણ થયા હોય તો તે મારી જાણમાં નથી. એવું વિશ્વસનીય સર્વેક્ષણ કોઈ વાચક મિત્રની જાણમાં હોય તો તેઓ જણાવશે તો તેના આધારે આ ચર્ચા આગળ ચલાવી શકાય. અવૈજ્ઞાનિક અને અવાસ્તવિક એવા પ્રત્યેક ધર્મના સાધુ–બાવામાં અસલી કોણ અને નકલી કોણ એના ભેદ પાડતા કોઈ માપદંડો નક્કી થયા હોય તો તે મારી જાણમાં નથી. કોઈ વાચક મિત્રની જાણમાં હોય તો તેના આધારે આ ચર્ચા આગળ ચલાવી શકાશે.

## ન્યાયમાં સજાનું તત્ત્વ હોય છે

આજથી લગભગ અગિયાર વર્ષ પૂર્વે આપણા ડૉ. નરેન્દ્ર દાભોલકરનું પૂણેમાં ખૂન થયું હતું. એમના ખૂનનો દાવો ઝડપથી ચલાવવા જે તે સમયની મહારાષ્ટ્ર સરકારે ખાસ અદાલતની રચના કરી હતી. આ કોર્ટે તા. ૧૦–૫–૨૪ના રોજ બે ખૂનીઓને આજીવન કેદની સજા જાહેર કરી છે. દરેકને રૂા. પાંચ લાખનો દંડ કર્યો છે. ત્રણ આરોપીઓ નિર્દોષ જાહેર ઠર્યા તે માટે કોર્ટે આ કેસની તપાસ કરતા સક્ષમ અધિકારીની બેદરકારીને જવાબદાર ઠેરવી છે. કોર્ટની આ ટીકા સૂચવે છે કે સક્ષમ અધિકારીઓ રાજકીય કે અન્ય દબાણને વશ થઈ તપાસ એવી રીતે ચલાવે છે કે જેથી પસંદ કરેલા આરોપીઓ વિરુદ્ધ વિશ્વસનીય પુરાવા કોર્ટ સમક્ષ આવે જ નહીં ! દાભોલકરના ખૂનને માટે જવાબદારોને સજા ન્યાયના સિદ્ધાંતાનુસાર થતી જ હોય છે. સજા કરવી કે કેમ તે અંગે ઘણી ચર્ચા થાય છે. પરંતુ જ્યારે સજાની જોગવાઈ છે જ ત્યારે એક જ ખૂન માટે પકડાયેલા આરોપીઓ પૈકી ત્રણ છૂટી જાય એ લોકશાહી માટે ખતરો છે અને ન્યાયની વિડંબના છે.

માલિક સત્યશોધક સભા વતી મુદ્રક અને પ્રકાશક સૂર્યકાન્ત સોભાગચંદ શાહે અગ્રવાલ ટ્રસ્ટ, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત–(ગુજરાત), ખાતે 'સત્યાન્વેષણ' છાપ્યું અને પ્રસિદ્ધ કર્યું. મુખ્ય સંપાદક : સૂર્યકાન્ત શાહ